## તાલુકા પંચાયતની સામાન્ય સભા બોલાવવા કોંગ્રેસની માંગ

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કારોબારી સમિતિને સત્તા આપવાની માંગણી કરતો એક પત્ર કારોબારી સમિતિના ચેરમેને પંચાયત પ્રમુખને પાઠવ્યો છે. આ પત્રમાં ચેરમેને આ મુદ્દે ખાસ સામાન્ય સભા બોલાવવાની માંગ પણ પંચાયત પ્રમુખને કરી છે. તાલુકા પંચાયતમાં કોંગ્રેસની બહુમતિ હોવા છતાં જૂથબંધીમાં અટવાયેલી કોંગ્રેસ સત્તાથી પણ દૂર રહી છે એટલુ જ નહિ સમિતિઓ બનાવી તો તેની પણ સત્તાથી દૂર રહી છે.

તાલુકા પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ પત્ર પ્રમુખ કાર્યાલયને મળી ગયો છે અને જે હાલ વિચારણા હેઠળ છે. પંચાયત અધિનિયમની જોગવાઈઓ જોતાં આ માટે ખાસ બેઠક બોલાવવી એ જ વિકલ્પ પ્રમુખ પાસે બચે છે પરંતુ ખાસ સામાન્યસભામાં આ પ્રસ્તાવ કઈ રીતે પાડી દેવો એ વ્યુહરચના પ્રમુખ પર અવલંબિત છે.



ઝરમર... ઝરમર... વરસાદ... ગાંધીનગરમાં છેલ્લા ૩૬ કલાકમાં ઝરમર... ઝરમર... વરસાદ વરસતાં માહોલ બન્યો... પણ વરસાદ મન મૂકીને વરસ્યો નહીં તેની ચર્ચા ઠેર ઠેર ચાલી હતી. છેલ્લા ચોવીસ કલાકમાં માત્ર ૧૭ મી.મી. વરસાદ વરસતાં નગરજનોમાં નારાજગી વર્તાતી હતી. રાજ્યમાં જ્યારે સાર્વત્રિક વરસાદના સમાચારો સતત પ્રસરતા હોય ત્યારે ગાંધીનગરમાં જ કેમ ઓછો વરસાદ ? આવી ચિંતા સૌના મનમાં ખટકે છે. આગાહી મુજબ આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદ પડશે.

## શહેરની સ્થાપના વખતે સેક્ટરદીઠ સાત હજારની વસતીનો અંદાજ હતો, આજે ૧૭ પહોંચ્યો

**સેકટરના વિસ્તાર મુજબ વસતીનો વસવાટ વધતા આનુસંગિક સુવિધાઓની દરકાર લેવાઇ નથી : પ્રદુષણ આંક પણ ૧૨૧ પર પહોંચ્યો : નગરની સુંદરતામાં પણ ઘટાડો**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયો છે. ત્યારે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેર માટે અનેક અવરોધો ચેલેન્જરૂપ બન્યા છે. હાઈટેક બનતા શહેરમાં હરિયાળીના ભોગે થતો ગાંડા વિકાસથી સ્માર્ટ સીટી સામે અનેક સવાલો મંડરાયા છે. ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે નગર યોજના તૈયાર થઇ તે મુજબ અભ્યાસના અંતે સૈદ્ધાંતિક રીતે પ્રત્યેક સેકટરમાં એક એકર દીઠ ૪૦ વ્યકિતના રહેણાંકનુ ધોરણ અપનાવાયુ હતુ જે મુજબ સેકટર દીઠ સામાન્ય રીતે ૭ હજારની વસતી રહેશે તેમ સ્પષ્ટ થયુ હતુ. પરંતુ સેકટરનો વિસ્તાર યથાવત છે ત્યારે ૧૭ હજારની વસતી થાય ત્યારે માળખાગત સુવિધાઓ સહીત રોજબરોજની બાબતો અને આંખ સામે આવતા પ્રશ્નોનો યોગ્ય નિકાલ લાવવાનુ પણ વિસરાઇ ગયુ છે. જયારે સ્માર્ટ સીટી બનવાની હરિફાઈમાં પણ ગાંધીનગર હવે ૨૬ થી ૨૨માં ક્રમે આવ્યુ છે.

સાડા પાંચ દાયકાના અંતે નગરના વિકાસના બદલાતા પરિમાણો અને વધતી વસતીના આંકડા સાથે શહેરના રૂપરંગ અને જરૂરિયાતો પણ બદલાઇ છે. દાયકાઓ પુર્વે અભ્યાસના અંતે નિયત થયેલા સેકટર દીઠ વસતીનો માપદંડ પણ તદન વિપરિત અવસ્થામાં છે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ નગર યોજના તૈયાર થઈ તે વેળાએ સેકટર દીઠ રેહણાંક વસતીનુ માપ પણ નિયત કરાયુ હતુ. જે મુજબ સેકટરના વિસ્તાર મુજબ પ્રત્યેક સેકટર દીઠ સામાન્ય રીતે ૭ હજારની વસતી રહેશે તેવો અંદાજ પણ આંકવામાં આવ્યો હતો. જયારે એક એકર દીઠ ૪૦ માણસોનુ ધોરણ અપનાવી સેકટરની રચના કરવામાં આવી

● અનુસંધાન પાના - ૭ પર

### સેકટરોમાં ચો.કી.મી. દીઠ ૪૦ની નિયત વસતી સામે હાલની સ્થિતિ

સે-૨૮,૨૬,૨૧, ધોળાકુવા : ૫ હજારથી વધુ
સે-૧૯,૧ અને બાસણ :૧ હજારથી વધુ
સે-૨૫,૨૦,૧૫ : ૨ હજારથી વધુ
નવા અંદાજ મુજબ : સે-૨૭,૧૬,૧૨, ઈન્દ્રોડા માં ૩ હજારથી વધુ
સે-૨૫,૨૬ જી ઈબી,સે-૮, આદિવાડા : ૪ હજારથી વધુ
સે-૨૪ સૌથી મોખરે ૧૪૫૯૩ : સે-૩, ન્યુ, સે-૨ ૧૦ હજારથી વધુ
સે-૭ : ૯ હજારથી વધુ :સે-૨૨,૧૩,૧૪ : ૮ હજારથી વધુ
સે-૨૯,૨૧ માં ૭ હજાર : સે-૩૦ ૬ હજારથી વધુ વસતી

## આરોગ્યતંત્રના ત્રણ સંવર્ગમાં ૩૫થી વધુ કર્મયોગીની બદલી થઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વિવિધ સંવર્ગોની બદલીનો દોર યથાવત રહેવા પામ્યો છે. જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા જુનિ. ફાર્માસીસ્ટ, લેબ ટેકનીશ્યન તેમજ મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર કેડરમાં બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૧૫ જેટલા લેબ ટેકનીશ્યનોની બદલી તો ૨૧ જેટલા જુનિ. ફાર્માસીસ્ટની બદલી અને ૩ જેટલા મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝરોની બદલીના હુકમો આરોગ્ય અધિકારીશ્રી દ્વારા કરવામાં આવ્યા છે.

આ બદલીઓમાં ૪૦ ટકાથી વધુ બદલીઓમાં સ્વવિનંતીને અગ્રતા આપવામાં આવી છે જ્યારે બીજી કેટલીક બદલીઓ જાહેર હિતમાં વહીવટીય સરળતાને ધ્યાને લઈ કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગમાં કરાયેલી આ બદલીઓ આજે પંચાયત વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો પણ બની હતી.

દરમ્યાન આજે આરોગ્ય વિભાગની જ કેટલીક કેડરોમાં બઢતી માટે ખાતાકીય પસંદગી સમિતિની બેઠક પણ મળી હતી એટલે હવે એકાદ સપ્તાહમાં બદલીઓનો વધુ એક દોર આવશે તેમ મનાઈ રહ્યુ છે.

આરોગ્યતંત્રમાં ઘણી બધી જગ્યાઓ ખાલી છે તેમજ ઘણી બધી જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે. આ બધી જ બાબતો આજે ચર્ચાઓ દરમ્યાન બહાર આવવા પામી છે.

## જિલ્લા કક્ષાનો વન મહોત્સવ ૪થી ઓગષ્ટે માણસા ખાતે યોજાશે

**વરસાદ ખેંચાતા વન મહોત્સવની ઉજવણી અને વાવેતર પણ વિલંબમાં પડ્યા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાનો જિલ્લાકક્ષાનો વન મહોત્સવ ૪થી ઓગષ્ટના રોજ યોજાશે. આ વન મહોત્સવ માણસા સાયન્સ કોલેજના કેમ્પસમાં યોજાશે.

વરસાદ ખેંચાતા આ વખતે વન મહોત્સવ પણ ખાસ્સો પાછો ઠેલાયો છે. શ્રાવણ માસ બેસી ગયા બાદ આ વન મહોત્સવ ઉજવાશે જે જિલ્લાની તવારીખીમાં કદાચ પહેલી ઘટના હશે. રાજ્યકક્ષાનો વનમહોત્સવ ૩જી ઓગષ્ટના રોજ ઉજવવામાં આવનાર છે જે ઉલ્લેખનીય છે.

વન વિભાગના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં આ વખતે ૫૩૦ હેકટર જેટલા વિસ્તારમાં જુદા જુદા વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાયુ વાવાઝોડાના પગલે રાજ્યભરમાં થયેલા વરસાદને પગલે વૃક્ષોનું વાવેતર પણ શરૂ કરી દેવાયુ હતુ. ૨૪૦ હેક્ટર જેટલા વિસ્તારમાં વન વિભાગ દ્વારા વાવેતર પણ કરી દેવાયુ હતુ. વન વિભાગે ૧૯ લાખ જેટલા રોપાઓનું વિતરણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો જે પણ ઉલ્લેખનીય છે.

આ પછી વરસાદ ખેંચાઈ જતાં પરિસ્થિતિમાં પલ્ટો આવ્યો હતો. જિલ્લામાં વન વિભાગે પણ વાવેતર થંભાવી દીધુ હતુ. પુનઃ જિલ્લામાં છેલ્લા બે દિવસથી હળવો વરસાદ નોંધાઈ રહ્યો છે ત્યારે વિભાગે હવે જિલ્લાકક્ષાનો વન મહોત્સવ ૪ ઓગષ્ટના રોજ યોજવાનો નિર્ણય કરી લીધો છે.

વન મહોત્સવના આયોજનને લઈ તંત્રએ તેની તૈયારીઓ પણ આરંભી દીધી છે. જે લગભગ તેના અંતિમ તબક્કામાં છે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

વન વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે આ વખતે લોકો વૃક્ષોમાં લીમડો, ગુલમહોર, જાંબુ, અરડુસા, કણજી જેવા વૃક્ષો વધુ પ્રમાણમાં લઈ ગયા છે. આ ઉપરાંત ફૂલ આવતા છોડની પણ પસંદગી અગ્રતામાં રહી છે.

## મા અને અમૃતમ વાત્સલ્ય યોજનાના લાભાર્થીઓના ૧૧ કરોડથી વધુની સેવાના કલેઈમ થયા

**સૌથી વધુ કેન્સરના દર્દીઓ, ૨૪૦ લાભાર્થીઓએ જોઈન્ટ રિપ્લેસમેન્ટ કરાવ્યા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં 'મા' યોજના અંતર્ગત ૩૮,૯૫૯ અને મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત ૧,૦૫,૭૬૬, સીનીયર સિટીઝન સંવર્ગમાં ૧૩૧, કર્મયોગી ૮૩, ૬૮૫ આશા વર્કર અને ૪૨ પત્રકારો મળી ૧,૪૪,૯૮૨ લાભાર્થી નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે આ બન્ને યોજના અંતર્ગત ૫૭૧૪ લાભાર્થીઓ દ્વારા રૂ. ૧૧ કરોડ, ૪ લાખ, ૫૪ હજાર, ૯૮૨ના મૂલ્યની આરોગ્ય સેવાઓ લેવામાં આવી છે. આ માટેના દાવાઓ સરકાર પાસે રજુ થઈ ચુક્યા છે.

આ બન્ને યોજનાઓ અંતર્ગત સૌથી વધુ લાભ ગાંધીનગર તાલુકાના ૨૦૪૨ લાભાર્થીઓએ મેળવ્યો છે. દહેગામમાં ૧૦૭૭, કલોલમાં ૧૬૪૭ અને માણસામાં ૯૪૮ લાભાર્થીઓએ આ લાભ લીધો છે.

આ યોજના અંતર્ગત કેન્સર જેવી જીવલેણ બિમારીમાં આરોગ્યની સેવાઓનો લાભ ૧૧૨૮ જેટલા લાભાર્થીઓએ લીધો હોવાનું જાણવા મળેલ છે. લાભાર્થીઓ દ્વારા લેવામાં આવેલી સેવાઓ પૈકીના મોટા ભાગના ક્લેઈમ મંજૂર થઈ ગયા હોવાનું પણ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૪૬૩ લાભાર્થીઓએ કાર્ડીયોલોજીમાં સારવાર લીધી હતી. તો ૨૪ દર્દીઓએ ન્યુરો સર્જરીમાં આ યોજના અંતર્ગત લાભ મેળવ્યો છે. જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ૨૪૦ દર્દીઓએ આ યોજના અંતર્ગત લાભ આપવામાં આવેલ છે.

## ગાંધીનગરના ૫૫મા જન્મદિવસની ઉજવણી પાંચ હજાર વૃક્ષોની વાવણી કરાશે

**શહેર વસાહત મહામંડળ જી.ઇ.બી. ગેસ્ટ હાઉસ ખાતે દિપ પ્રાગટ્ય બાદ કેક કાપીને નગરના જન્મદિવસની સાદગીપૂર્ણ ઉજવણી કરાશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યા બાદ પાંચ દાયકાના અંતે એક સમયે વેરાન ભાસતા શહેરમાં આલિશાન બિલ્ડીંગો અને પહોળા અને લીસા માર્ગો વચ્ચે વિસ્તરતા શહેરનો હાઈટેક વિકાસ આજે ઉડીને આંખે વળગી રહ્યો છે. જયોર ગ્રીન સીટીની આગવી ઓળખ ગુમાવતા શહેરને ફરી હરિયાળુ બનાવવા માટે પણ પર્યાવરણ પ્રેમીઓ જાગૃત થયા છે. ત્યારે શહેરના ૫૫ માં જન્મદિવસની ઉજવણીને અનુલક્ષીને પણ શહેર વસાહત મહામંડળ દ્વારા ૫ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરવામાં આવશે. નગરની પ્રથમ ઈંટ જયાં મુકાઈ હતી તેવા જી ઈ બી ગેસ્ટ હાઉસના બિલ્ડીંમાં દિપ પ્રાગ્ટય બાદ કેક કાપીનો નગરના જન્મદિવસની ઉજવણી કરાશે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ગાંધીનગરના ૫૫ માં સ્થાપના દિવસની ઉજવણી સાદગીપુર્વક કરવામાં આવશે. જી ઈ બી ગેસ્ટ હાઉસ ખાતે જયાં નગર નિર્માણની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી તે સ્થળે તા ૨ ઓગષ્ટના રોજ કેક કાપીને એકમેકને નગરના હેપ્પી બર્થ ડે ની શુભેચ્છા પાઠવવામાં આવશે. શહેર વસાહત મહામંડળ દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી આ સ્થળે ગાંધીનગરનો જન્મદિવસ ઉજવવામાં આવે છે. શહેર વસાહત મહામંડળ તેમજ જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓ પણ નગરના જન્મદિવસની ઉજવણીમાં સહભાગી બને છે. આગામી તા ૨ ઓગષ્ટના રોજ સવારે ૯ કલાકે જી ઈ બી ગેસ્ટ હાઉસની પ્રથમ ઈંટ જયાં મુકવામાં આવી હતી તે સ્થળે શહેર વસાહત મહામંડળ દિપ પ્રાગ્ટય કરી ઉજવણીનો પ્રારંભ કરશે. આ દરમિયાન પ્રભારી સચિવ , ગાંધીનગરના મેયર , જિલ્લા કલેકટર, ધારાસભ્ય સહીત મહામંડળના પદાધિકારીઓ વિવિધ સંસ્થાના આગેવાનો સહીત મોટી સંખ્યામાં નગરજનો હાજરી આપશે. કેક કાપીને નગરના જન્મ દિવસની ઉજવણીને અનુલક્ષીને શહેરના વિકાસ તેમજ પ્રગતિ અંગે પણ ચર્ચા કરવામાં આવશે. જયારે આગામી દિવસોમાં સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરના હાઈટેક વિકાસની સાથે હરિયાળી વધુ નિખરે તે માટે પણ પ્રયાસ કરવા માટે અપીલ કરાશે. મહામંડળ દ્વારા જી.ઈ.બી. થર્મલ પાવર સ્ટેશનના વિસ્તારમાં નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવશે. મહામંડળના પદાધિકારીઓ સહીત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે. જન્મદિવસની ઉજવણીને અનુલક્ષી મહામંડળ દ્વારા પાંચ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરાશે.

### સૌનું વતન ગાંધીનગર ગીતનુ લોકાર્પણ કરાશે

ગાંધીનગર આમ સૌનુ પણ આમ કોઈનુ નહીં તે સ્થિતિ હમણાં સુધી કાયમ હતી. પરંતુ હવે શહેરના અસ્તિત્વને ૫૫ વર્ષ જેટલો સમય વીતી ગયો છે. ત્યારે ગાંધીનગર ઘણાં ખરાનુ વતન બની ગયુ છે. અમે ગાંધીનગરના એમ કહેવાવાળા હવે મળતા થયા છે. વસાહત મહામંડળ દ્વારા શહેરના ૫૫ માં જન્મદિવસની ઉજવણી જી ઈ બી ખાતે વૃક્ષારોપણ તેમજ કેક કાપીને કરવામાં આવનાર છે. આ દરમિયાન ગાંધીનગરના ટોચના કલાકાર મયંક દવેએ ગાંધીનગર વિશે એક ગીતની રચના કરી છે તેનુ પણ આ પ્રસંગે લોકાર્પણ કરાશે. સૌનુ વતન ગાંધીનગર શિર્ષક તળે તૈયાર કરાયેલા આ ગીતની રચના તેમજ સ્વરાંકન પણ મયંક દવેએ કર્યુ છે.

## નગરના જન્મદિવસ નિમિત્તે કલ્ચરલ ફોરમ દ્વારા બાળચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રજત જયંતિ વર્ષની ઉજવણી અન્વયે વર્ષ દરમિયાન અનેક વિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. શહેરમાં કલા અને સંસ્કૃતિને વેગ આપતી વૈવિધ્યસભર પ્રવૃતિમાં અગ્રેસર સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા નગરના કલાકારોને સ્ટેજ પુરુ પાડવા માટે પણ વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. જ્યારે ચિત્રકલામાં પણ વિદ્યાર્થી વર્ગને પ્રોત્સાહીત કરવા નવતર આયોજન કરાયુ છે. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાના જણાંવ્યા મુજબ ગાંધીનગરના ૫૫માં જન્મદિવસ નિમિત્તે કલ્ચરલ ફોરમ દ્વારા તા. ૨ ઓગષ્ટના રોજ સે-૭ લગ્નવાડી ખાતે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન બાળ ચિત્ર સ્પર્ધા ૨૦૧૯નુ આયોજન કરવામાં આવ્યુ છે. મહાનગરપાલિકાના સહયોગથી યોજાનારી આ ચિત્ર સ્પર્ધા બે વિભાગમાં યોજાશે.

બાળ ચિત્ર સ્પર્ધાનું ઉદ્‌ઘાટન શહેરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ મંગલદીપ પ્રગટાવી કરશે. જ્યારે મુખ્ય મહેમાન પદે શ્રી નાંઝાભાઈ ઘાંઘર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહેશે. જેમાં અ વિભાગમાં ૬ થી ૧૦ વર્ષના સ્પર્ધકો ભાગ લઈ શકશે. જયારે અ વિભાગ માટે સ્પર્ધકોએ મારુ શહેર વિષય અંગે ચિત્ર દોરવાનુ રહેશે. જયારે બ વિભાગના ૧૧ થી ૧૪ વર્ષના સ્પર્ધકો ગ્રીન ગાંધીનગરનુ ચિત્ર દોરશે. આ ચિત્ર સ્પર્ધા દરમિયાન કાગળ અને કલર સંસ્થા દ્વારા પુરા પાડવામાં આવશે. ગાંધીનગરના જન્મદિવસ નિમિત્તે યોજનારી આ ચિત્ર સ્પર્ધાના ફોર્મ સે-૧૦ જનસેવા કેન્દ્ર તેમજ સે-૮ ગાંધીનગર સમાચારના કાર્યલાય પરથી મેળવીને પરત કરવા પણ જણાવાયુ છે. ફોર્મ ભરીને પરત આપવા માટે અંતિમ તા ૩૦ જુલાઇ નિયત કરવામાં આવી છે.



સમગ્ર રાજ્યમાં મેઘ મહેર થઈ રહી છે પરંતુ પાટનગરને જાણે કોઈની નજર લાગી છે. આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયેલા જોઈને શહેરીજનોને વરસાદ આવવાનો રોમાંચ થાય છે પરંતુ હળવાં છંટકાવથી સમજાવીને ''મેહુલિયો'' ક્યાં છુમંતર થઈ જાય છે તે જ સમજાતુ નથી. આખરે ગાંધીનરમાં વરસાદની આ સંતાકુકડી ક્યાં સુધી ચાલશે ? ક્યારે મનને ટાઢક થાય તેવી મેઘકૃપા વરસશે ??

**વૃક્ષ વાવીએ... પર્યાવરણ બચાવીએ...**

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989**
**APPLICATION NO. 1034 of 2018**

Miss Nidhi Vinod Padhariya ... Applicant
V/s
Arvindbhai Jairambhai Italiya ... Opp.Party
And
The Oriental Insurance Co. Ltd. ... Insurance

To,
Arvindbhai Jairambhai Italiya
40-1, Shiv Shankar Parvati Society,
Bhatniwadi, Varachha Rd, Surat-395006

Whereas as per the application annexed, the applicants have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore required to remain present in Court No. 03 on 13/08/2019 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby further informed that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. If you fail to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be passed accordingly, which please take note.

This Notice is issued today on 24/04/2019 with my signature and seal of the Judicial Court.

By Order
Court Seal
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com